ચતુર-ચંદ્રા.

नाटकना गायनो.

બનાવનાર

નંદલાલ તારાચંદ.

પ્રગટ કર્તા,

સુરત નવી આર્ય વિજય

સને ૧૮૬૭ ના

કરાવી સર્વે

ખાડીઆમાં

મહે

સંવત ૧૯૫૩

૬૬૯૨

चतूर—चंदा नाटकना गायनो.

વારાંગના, દરબારીઓ— ૧

હર હર હર ગુણ, અકળ ગંગાધર,
કૃતિ મતિ તારી, શું કહું ઉચારી !
છોળો ભારી ભારી, ત્રાત્રા ત્રિપુરારી. હર.
નાનું વા'ણ સજ થઇ, સમુદ્ર સ્વભિપ છૂટ્યું,
ડૂબવું કે તરી જવું, શિવના આધારે રહ્યું.
આ— પો— કૃ— પા. હર.
તારવા સબળ નહીં, તારજો વિચારી ઇશ,
ડૂબી જાય દયા ધર્મ તું તારે ત્યારેરે આ તુંથી ઉગરે.
જગ ધર તું દુખ હર તું અમપર તું રાખ નજર તું,
ભિતિ ટળશે, સત મળશે ભુપરે—અધર. હર.

વિદુષક— ૨

આવે તેને બતલાવું કોઇ કુસ્તી કરનારો;
રાજા લાડવા ઉડાવું રૂડો અખાડો છે મારો.
કોઇ દશ જાયે ખાઇ તો હું પચીશ ખાનારો;
કોઇ પચીશ જો ખાય તો તો મારો નહીં આરો.

ધાકુ ખાઉં ગપે ગપે, દોડી જાઉં ઝપ ઝપ,
કરૂં કુસ્તી મસ્ત હસ્તિ સાથે હું ચપ ચપ.

વિદ્યાર્થિ— ૩

ભણ્યો શાસ્ત્ર પૂરાણ જે પૂર પ્રેમે, રહે નીતિની ટેકમાં જે સુનેમે;
ભલા ભૂપતી માનથી પાસ રાખે, વિના ખેતિએ અંનનો પાક ચાખે.

ચંદા— ૪

જાણીને ખચીત, તારૂં કામ તું, વિચાર જીવ—જાણીને.
અંન સવાશેર ખાઇ મંનના વિચારે,
ફૈલતી ફજેતી તોયે ભૂલ ના સુધારે,
હોય પશુ દેહ એવાજ કામ છે. વિચાર.
ભાવી થવાનું જીવ શોચ શું ઉચારે,
ફાંફાં મારી જીવ ફોગટ કાં બાળે;
વિચાર ચિત ધર વિધીનું કામ છે. વિચાર.

વારાંગના— ૫

સુરંગી જામ્યો ભુમિનો આ ભલો રે રંગ.
રંગરે અંગે ઉમંગ.
રૂત રંગે નાચી ગાઇ પુર સુખ આપો;
નવા ફુલ ફળ તણો રંગ. રંગરે.
વસંત નીવાજે ભારી ભરચક જામી;
અતિ રંગ સંગ ઉમંગ. રંગરે.

ચતુર-ચંદા— ૬

રાવણ રામ અને વળી વસિષ્ટ સંકર તેમ:
ભિષ્મ કૃષ્ણ બલિરાય સઉ વિજયી થયાજ જેમ.
બધો સમય વહિ જાય છે, ખરે ખરેરે આખરે;
ત્રણે વહી જુગ જાય છે, હેર ફેર થયો ખરે.
કલ્પ યુગ પલટાય છે, કાળ ક્રમણ થાય છે:
ઘડીમાં જુઓ શું થાયછે, ખરે ખરેરે આખરે.

માનસીંહ— ૭

મધુરી એમ શું કરે, સબૂર સબૂર પ્યારીરે.
વાંકું શું પડયું તને નકામું દુ:ખ દે મને, અરે અરે અરે. સબૂર.
સર્વ રાજ સોંપ્યું તોય રિસાય કેમ હું પરે. અરે અરે અરે. સબૂર.

માનસીંહ— ૮

છબી છબીલી ન્યારી.
પ્યારી હો સુખકારી પ્રાણ પ્યારી જાઉં વારી. છબી.
અંગ લલિત લલના લપટાવી;
પીઉં સુધારતિ હ્રદયમાં ચાંપી. મારી હો પ્યારી.

ચતુર— ૯

માત જતામાં સૌ ગયું સુનો થયો સંસાર,
ગઇ સગીને થઈ સાવકી કયાં છે રે કિરતાર!

સાવકી સંગે મોહમાં, ગયા બાપુ બદલાઇ,
હાય! વા'લી મા મેરી જતાં, ડુંગર દુઃખ તવાઇ!
બાપુને નમાવું શીશ, માજીને પ્રણામ કરૂં,
એકલા રહો સુખી અભાગી હું તો નિસરૂં,
મળી ઓરમાન પછી માન પિતાજીનું ગયું,
પિતાને સલામ રામ માજીને પ્રણામ ધરૂં. બાપુ.

કેશર— ૧૦

વાધ્યો આનંદ (૨) આજેરે ગયું દુઃખ મુળ ખરે;
વાધ્યો આનંદ (૨) ભારીરે મુકુંદ મારો રાજ કરે.
સુખકારી (૨) બનીતેરે, કર્યું મમ ધાર્યું ખરે. વાધ્યો.
ચતુર ચરિત્રે વનમાં કાઢયો,
મુજ તન દુશમનને મેં ટાળ્યો,
તો આ વખતે ઉમંગ ભાળ્યો,
ચંદાનો ફંદો નિહાળ્યો. વાધ્યો.

ચંદા— ૧૧

હાય હશોના સાવકી કોને—હાય.
ઝેર વેર ચમકાવે, નિર્દય દયા ન લાવે. હાય.
બેટા કહીને કોણ રિઝાવે, કોટે કોણ મને વળગાડે,
અંધ કીધા બાપુ કમજાવે! હાય.

૧૨

ચંદા— ઓ બંધુ સંકટ કેમરે સેવાસે;
ચતુર— ઓ એની ધાર્યું થાશે રે'જે વિસવાસે.

ચંદા— ભાગ્યો ઘડુલો ને રવડી ઠીંકરી, દીકરી થઇ નોધારી;
ઓરમાન માએ બહુ દુખ દીધા, પાડી વિપત છે ભારી. ઓ.

ચતુર— રડના તું છાની રે'જે, પ્રભુજી સંભાળ લેશે.
ચંદા— ભાઇ જશો તમે? આથી અદકા સાવકી દુખડાં દેશે. ઓ.

છોકરા— ૧૩

અલ્યા બાપની બઇરી તારી બા.

ગાંડો કુમાર— ચૂપ ચૂપ ચૂપ.

છોકરો— હે', હે', હે',— અલ્યા.
અલ્યા ભીમા આતો છે ગાંડો,
થુ થુ થુ થુ મેલો જાડો.
નહીં રમીએ કોઇ એની સાથે,

ગાંડો કુમાર— જો જોની તારે માડીને કહી દઇશ. બાપની.
હું હું હું હું....................અલ્યા.

ચંદ્રા— ૧૪

ગયા પિતાજી મારા રે ગયા પિતાજી,
બંધુને શોધીને તેડી લાવશે સાવકી છોને રિસાય;
રિસવાશેને બાપુજી મારશે પ્રજેતો તેનો થાય. ગયા.
આપણે ઉર ઉમંગ અતીશે રમશુ મન મલકાઇ;
રાજા થશે ભાઇ ઉમંગ કેવો મારા ભાઇની વધાઇ. ગયા

ચંદ્રા— ૧૫.

અરે શાની ચાલ મુને મારે,
ચાલ મુંગી મર બોલ નહિ ઝાઝું, ચાલ.
મા ગણું તો તું મારવા ધાય,
ભુંડિ તું રાજી જુતાએ થાય,
નિર્લજ લાજે ન શું કહેવાય,
જા મરી જીવ જોઇ મુજાય. ચાલ.

માનસીંહ— ૧૬

લાજી ન ભુંડી હજુ તું હેવાન.
ફંદમાં ફસાવી, કાળજું કોરાવી, છોરાઓ ડુબાવી,
કાડયો મારો ધાણુ.
ચલ દૂર, થા દૂર, ચંડાળણી પૂર, મારૂં ગુમાવી.
દીધું, તું તેં બાન.
આકડાથી આંબ કયાંથી પમાય!

કંટક વૃક્ષ મૃદુ નવ થાય !
મૂળે હિંગ લાવી, દીધું તેં સુકાવી,
બાલુડાં તજાવી, બનાવ્યો નાદાન.

કેશર— ૧૭

ભાંગુ હાડ ભાંગુ હાડ ડરું ના લગાર.
છાકે છકી અપાર ? મારૂં માર ગમાર;
પુરો કરૂં અવતાર ?
હેં બોલી બોલ તારી ઉતારૂં ખોળ,
હવે કરીશ ખ્વાર, નહિ નૃપ દરકાર. ભાંગુ.

ગાંડો કુમાર— ૧૮

કુંવરજીના લગન આવ્યાં લગન ભાવ્યાંરે.
કોડીલાના વિ'વા આવ્યા વિ'વા આવ્યારે.
હેં હુંતો ભુરે ઘોડે બેસીશ હંઅં,

ડૉકટર— ભૂરો ઘોડો તો કુંભારને ત્યાં સારો મળશે. કુંવરજીના.

ગાંડો કુમાર— લગને આવ્યા લોક અચૂકે—

ડાકટર— જોઇ વરને પોકો મુકે— કુંવરજીના.

ગાંડો કુમાર— બહુ ફાંકડા વરરાજાતો, ફરે વાંકડા લટકામાંતો.

ડૉકટર— જીવત લાકડા મશાણુમાંતો, ખરા માકડા મૂર્ખાઇમાંતો.

કેશર— ૧૯

ઓ સ્વામીરે, હું અબળા રાંક, ઓ પ્યારે. હું.
સારૂં કરૂં પણ ફરે નઠારૂં જશ ન મળે લેશ;
બાળક લઘુ ગાળો દિયે મોઢા ઉપર મેશ; હું.
બીજું નહી કશુંએ સમજુ જાપુ પતીની માળ,
તોયે શંકર શીદ ન હારો ધુર્જટી ચંદ્ર કપાળ. હું.

માનસીંહ— ૨૦

રમણીક રતિની લતા તું મધુરી વાહા ! શું કરમાયે !
હું ભ્રમર ભુલુ કરમાતા ખીલતાં રસ પીવાયે,
કરિ ભુલ માફિ મને બોલ પ્રેમિ સલુણી હસી. કરી.

ચતૂર— ૨૧

હું થઇ કરોળીઓ તું પ્રપંચ જાળમાં,
ધું ફસ્યો હું ચિકણાજ તંતુ લાળમાં
છીઃ છીઃ છીઃ પુરીજ સર્પિણી,
છે રૂપાળી તથાપિ ઝેરિલિ હિણી?
બોલી બોલ મીઠડાં, લેતી પ્રાણ રાંકડાં,
કામ આંધ પસી જાય માંકડાં ! ! !

ચંદા— ૨૨

હું કોને કહું દુખ અરે હરી હરી ! !
હાય હાય માતા ગઇ શે મરી.

ગાંડા સાથે પ્રેમ શું જોડાવો,
વેરી ન થાઓ દયા દીલ લાવો,
માત વિના બાળને ન રિબાવો.

કસ્તુર— ૨૩

મોટી શેઠ અમારી પેઢી, આવ્યા લાકકડીને તેડી,
વૈશ્ય વરણુ ગરજે છે ગાંડા જોઇ નારી મલકાય.
ધંધો બે બૈરી પરણવાનો વાહ વાહ કેવાય. મોટી.
અલી ઓ ચાલને મકુ ?

જુની— ચલાશે તેમ ચાલીશું !

કસ્તુર—ઓય તારો છણકો, ને ઓય તારો રણકો. મોટી૦
ઘસાય પથ્થર લાકડ લોહુ ઘસાય શીલા ભારી.
કસ્તુરચંદ લુચ્ચાનો દાદો, ઘસાય નહી વેપારી. મોટી૦

કસ્તુર— ૨૪

ગજને માર્યા, સીંહ વકાર્યા,

જુની— માકડ પાળ્યા છે;

કસ્તુર— જાડા શૂરા લડવૈયાને પણ સંતાપ્યા છે,

જુની— આ શું બરાડે ?

કસ્તુર— બાપરે આ રાંડે, ઠંડા કીધી હું ઢોંગી,

જુની—વાહ રસીલા મોહ્યા જીલા, નર નહીં વાનર પુંછડે પુછીલા
ગજને.

જુની— ૨૫

જડી બાળા રૂપાળીરે ખુશ ખુશ થાઉં,
પુરી આશા હરીએ હું ઝુલણે ઝુલાઉં;
રોજ હેતે રમાડું ખવાડું ખુબ બાઉ,
શું ઢીલ કરો છો ચાલો છેલ છબીલા ?

ચતુર— ૨૬

લેજો પ્રભુજી પ્રાણુ બાળના પણ ન મરજો માત;
માત મર્યાંથી રવડીએ બાવ ન પુછે તાત.
વલવલે વગડામાં વાછરૂ નહીં વાડો કે ઘાસ;
તેવી ગતી અમારી પ્રભુ રાખો તમારી પાસ.

સાધુ— ૨૭

ફિરફિર દેહ મનુષ નહીં પાવે કયું તું લડકા ડરતા હય,
કરતા હરતા સમરથનૂ સબ કયું તુ બંદે મરતા હય,
બિધિને લેખ લીખા છઠીકું વો નહીં કીસીસે ફિરતા હય,
માયા જગરાયાકી સબહે અલગ હુવાસો તરતા હય,
હંસ પ્રાણ પિંજરસેં જાતા તબ એ ખોખા પડતા હય,
અલખ નિરંજન નામ જપે નર વોહી સચ્ચા તરતા હય,

સાધુ— ૨૮

સમજિ પગ ભરિરે સત પંથ વિચર જા બંદે,
હરક્ષ ડર એક રખના, શીવ સુધારસ ચખના, પ્રણવ ૐાંમ ધરરે.
શંકર તુરિઆતિત રૂપ છે સચિદાનંદ સ્વરૂપ;
હરખિ હરખિ મન અલખ ગુણગણ બ્રહ્મ રંધ્ર અનૂપ. ૐાંમ.
નિયમ સહિત સબ ચલત હે ઇંદ્ર ચંદ્ર યમ બ્રહ્મ;
આતા જાતા દુખ સુખો અચળ રેંત નિષ્કર્મ. ૐાંમ.

अंक बीजो.

કેશર— રસિક મધુ મન અગી તું બનીજા,
મોજ જો ન કરી આ જગ વિષે ? રસિક૦
ધુળ ગઇજ યુવાની કર તારૂં જાણ્યું ને માણ્યું.
મોજો લેવાનું આ રૂડું છે ટાણું. રસિક૦

કેશર— ૩૦

એ એ એ એ એ એ એ એ, રામા.
મળે છે મોજન નીત ભાવ જેમ,
રમરતાં મન ગમતાં, જીવિત સફળ મારૂં. એ૦
રતી સબંધ પૂર ઉર સુગંધી,

નવિન પુરી મૌજથી હુંસે,
ભ્રમરી પુષ્પરસિલા ચુસે,
થાઓ એવા સફળ સકળ સુખ મારા. એ૦

માનસીંહ— ૩૧

શું કીધું મારી પ્યારી પ્રેમિ જાળ શી વિસ્તારી ?
ગયો તેમાં ગુંચાઇ ગુંથણ તંતૂ જાળ ભારી. શું૦
મારી કરડી નેન મુને શું પ્રીતિમાં અંધ કીધો,
કરી કામણુ પ્રિયા શું તેં પંખિડો ઘેરી લીધો. શું૦
ખુબી હા ઇશ્વરની તારી પ્રીતીનું નૂર વાહા,
બળે ખેંચી ઝીકાવી દે, એવું એ છે આહા. શું૦

માનસીંહ— ૩૨

દુર દુર ઓ નારી છળકારી ધુતારી લુંટારી-દુર૦
નિર્લજ નિકળ દુર કાં મને છળે,
અધમ અતી ક્રૂર કામથી છળે,
નફ્ટ નષ્ટ નિર્લજ નિકળ,
તસ્કર ન છળ તું નીચ ક્રૂર જન,
હાય ખરી જાય મરી,
કુટિલ તારી જાત નારી થા તું દુર-દુર.

કેશર— ૩૩

જોયું ના સુખ જગે જન્મી ચતૂરા (૨)
રાજ મળ્યું પણ આ કેદખાનું, પુર્યાં કેદખાનામાં ચોર;
લે'રના કીધી અંગ વાડીમાં રસિક માળી મન મોર. જન્મી
ડાપણવાળી ને બહુ બહુ વિતે, હડધૂત હડધૂત થાય;
ચતૂરા લે લે'ર મજેથી, સતી લોકે કે'વાય. જન્મી

કેશર— ૩૪

હાલો હાલો પ્રેમિલા મારા (૨),
પ્રાણથી પ્યારા, જીવ આધારા, કામણગારા,
ડૉકટર— અમિરસ ધારા છો !
કેશર— દાસી હું ખાસી છું સદાની,
ડૉકટર— વ્હાલી શું બોલો છો.
બન્ને સાથે—ખરે વાહ ! વાહ ! વાહ !
ડૉકટર— કામણગારી, મુરતી તારી, મીઠડી ભારી, ની બલીહારી,
કેશર— જાઉં છું વારી.
ડૉકટર— વ્હાલી ને પ્યારી છો !

ચતૂર— ૩૫

ખુબી કર્મ આહા ! કેવી ન્યારી.
ઘડીમાં ભોગી ઘડીમાં રોગી, વળી ભુપતિ ભારી. ખુબી.

સહુએ કૃતિ બધી સારી.

ભટક્યા પાંડુ તનય વન ભારી, સાથે સકુમારી. ખુબી.
મધુસુદને ગાવડી ચારી.
પુર અરણુમાં સાયરને નીર હાય ! રડયા હારી. ખુબી.

ચતૂર— ૩૬

તૂચ્છ જારે જારે જારે શું બકી ને કરેરે.
શું બકવા કરે ઢેમ શાને ડરેરે.
મોત વગર તો નીચ મરે ?
કાયર હોય તે બહુ બહુ બોલે,
હાક પડતા રણે પીઠજ ધરેરે. મોત.
શું તું કાયર મારી ગણુતીમાં ?
જો ચોર કટારી તારા પ્રાણુ હરેરે. મોત.

૩૭

કસ્તુરચંદ— આમ શું કરોરે વહુજી આમશું કરોરે.
જુની— અરે વાણીઆ મીઠું બોલીને ! -
કસ્તુરચંદ— શેઠાણી આમ શું કરોરે.
જુની— મખ્ખીચુસ ન થાઓ શેઠજી રૂપીઆ છોડો ઝટ.
કસ્તુરચંદ— કાણાં ગજવા નાણાં પડીઆ બંદા નકરખટ.
જુની— યાદ રાખજો નાણું આપો નહિં તો હું મારી મરીશ;
કસ્તુરચંદ— હું તો તારો ગુલામ પ્યારી કાઢી નાંખો રીશ. આમ.

ચંદા— ૩૮

રડી રડી હું સામટી પડી [પિડા] નઠારી રે?
ઠરી નહિં હું પડી કુવામાં તૂટી ન દોરી મારી રે.
ચડી શેઠને હાથ ગઇ હું ત્યાંયે થઇ અકારી રે.
શું કરવું જીવીને મારે હુંતો મુએલીજ સારી રે·

વારાંગના— ૩૯

અલબેલી કચેરી શોભિત—
તારી ભારી ખીલી રાજા-
કીર્તિતારી હોહો પેલી આવે ગારા રાજ.
એ મૃદુગોરી કેશરી કમ્મર વરવા નૃપ ધાય.
દેશો દેશ ફરીને થાકી કોઇ ન રાણીઓ રાય.
સજ્જન ભુપતી તુજ જશે જનજન સહુ રિઝવાય,
કિર્તી અખંડ વરી તપો શાંતિ રસ છલકાય.

વારાંગના— ૪૦

તુમ રહો શાહ તખ્તે પ્યારા,
સદા રંગી ન્યારા ન્યારા.
આંખો પ્યારા, જાનો પ્યારા, જીઓ જીઓ તુમ મતવાલા. તુમ.
ખુબ સારી સરદારી તારી ગુણ કારી ભારી,
છબિ પ્યારી છાઇ સારી, બાદલ પહુંચી બલિહારી.

સિપાઇ— ૪૧

હંહ વાહજી વાહજી વાહ અચ્છી કયું એ બાત? ખાલીથી-
બકેગા જુઠ મીઆ તો ખાયગા દો તું લાત. હંહ.

ચોરી કરકે હો ગયે રાજી !
દારૂ પીકે બનગયે પાજી ! વાહજી.
માર બિના નહીં સમજન આવે,
સીસામે જીયરા લલચાવે.

૪૨

કસ્તુરચંદ— કહ્યું માને નહી કેમ આલી,
જુની— હંત્યારે ?
કસ્તુરચંદ—ભં મારે ?
પિતાને બોલાવી માડીને તેડાવી વસે હું કરાવી દઉંછું બતાજી
નવી— શરમ ધર,
મુગી મર,
નવી— હિણુ ભાગી છે ડુકર, તું ન ડર ધીક ભુંડી.
જુની— મેર મુગી પાજી મર- માને.
ખુબ થયું જો—
કસ્તુરચંદ—બીધી હવે,
જુની— ચંદાને આપો—
કસ્તુરચંદ— ફાટી ફરી.
જુની— છોડી બધી લટપટ દેખાડો ઝટપટ,
નવી— બકે છે પટપટ.
જુની— જા જા આંહીંથી હટ !

નવી— હાય બા મારી મૂને

કસ્તુરચંદ—ભાંગી માં પાંસળી ઓય ! માને.

૪૩

કસ્તુરચંદ—પાંસળાં ભાંગે (૨) બે બૈરીનું સુખ છે. વાઃ વાઃ

ઓયજી ! બાપજી ! ઓયરે ! મારે !

જુની— પેહેલાથી ના જરિ વિચારિ કીધી શક્ષી ઉપર મારી,

કેમ દઉં પછી અંહીંથી દરવા.

કસ્તુરચંદ— ઓ પીતારે ઓજી માજી – પાંસળા.

બે નારીનો વર ખરે ગધાડો.

નવી— દોડો સાસુજી સસરાજી

જુની— ફોડો માથું બને પાજી ? પાંસળા.

ડાસો, ડોસી— **૪૪**

શું છે આ ખભળાટ વહુજી શું છે આ ખભળાટ;

છોકરો નારી વશ થઇ ને વાળવા બેઠો હાટ

કસ્તુરચંદ— બે નારી પરણાવી તેની જજો મશાણે ખાટ.

નવી— ક્રૂર માબાપે દરીએ ઝીકી,

ડોસો— વહુ ધીર રાખો મંન;

જુની— ચાલો મારી સંગે માળે.

કસ્તુરચંદ— વાતજ નંબર વંન.

કેશર— ૪૫

કયાં લક્ષુ વચન: બાળક ને કયાં હું પતી,
પાપ કરેલાં મુજને નડતાં મસ જો;
સાચાને છોડીને પર સંગે ઘુમી,
હું પાપી છું નીચ ખરેખર બસજો; કયાં.
માફ કરો ઓ બાપ ગુન્હા સઉ માહરા,
મેળવ મુજ પતીને નાના બાળજો;
હવે ન મુકું નાથ હાથ મારો ધરો,

ઉગારજે દુખડાની બળતી ઝાળજો. કયાં.

સરદાર— ૪૬

કયું ફિરાતી મ્હું પ્યારી, કરૂં જીયા કુરબાન,
પરેશાન દિલજાનરે ! ફિરાતી૦
આઓ ગલે મિલ જાઓ મેરી પ્યારી જાન ! ફિરાતી૦
પ્યારી ન ચેન પડેરે પલ પણ આઓ દિખાઓ ન
સુંદર છળ બલ.
આઇએ મેરી પ્યારી જાન ! ! !— ફિરાતી૦

કેશર— ૪૭

મુરખા ચિત ઝટપટ વિચાર તું.
ભુંડા કામે તો તમામ, દુખનું ખરેજ ધામ,
હરામી અનાડી કેમ ગુમાવે છે નામ ? ચિત૦

ભલાઇથી ભલું નામ, ભુંડાથી ન રીઝે રામ,
ધિઃક ધિઃક કરે અરે શું ? ચિત૦

ચતુર— ૪૮

પાપખોરા દૂર થા, નાસી ઝટ તું જા !
અરર શરમ તુરક લંપટ, નીચ લુચ્ચા ખાય ખત્તા. પાપ૦
તું છે કૂટીલ મસ, પાપી અરર બસ,
ચલ હટ ચટ પટ, છોડ ફટ ધિક પટ, દૂરે થા કૂડા—
ફંદે કેમે કરી, રે'શે જીવતો વળી,
કુછંદી ચેતી ભાગી ઝટ જા.
તુંજા તુંજા તું તો હટી જા.
વિચાર મરવા, છોડ ઝટ જા, તું ઉગરવા. પાપ૦

સિપાઇ— ૪૯

સુણલો હુવા અભીમેં સરદાર.
હાં હાં હાં હાં વા વા વા વા ! !
હા હા હા હા એજી મીયા. હુવા૦
જા જા જા જા અલ્લા તાલા,
હાં હાં હાં હાં મારદીઆ. હુવા૦
હમ તુંમ સબમે કૈસા બાહાદૂર.
મારૂંગા તલવાર.
મીયાકી તો સિકલ દેખો ઉલ્લુ કે સરદાર,

अंक त्रीजो,

કેશર— ૫૦

હાય ! દશા બુરી આ પાપી,
સારાં ન વાવ્યાં બીજે કદાપી. હાય૦
જગત વાડીમાં રોપી ન સારા,
તરૂવરને ન છાયા આપી. હાય૦
કંટક વૃક્ષ ઉછેર્યા ઉમંગે,
તે કટુ ફળ ખાઊં છું હું પાપી. હાય૦
સત્ય કરેલું સત્ય તરે છે,
દુ:ખ જાયે વાટજ કાપી. હાય૦

૫૧

નેમચંદ } — મેર બોલે એવું શું મ્હારૂં,
વાણોતર } — નહીં જાણે મ્હારૂં ને સારૂં.

નેમચંદ— લઇ ગુંજામાં ભરીએ.
હા કામે પણ કરીએ,

વાણોતર— એ કામ છે ખાવાનું.

નેમચંદ— ઓ ઓ બાપરે પડીએ નરકે,

વાણોતર— ત્યારે જઇએ શું સરગે.

નેમચંદ— રે ફજેત થઇએ હાંરે,

વાણોતર— રહીએ વાંણીઆજી ત્યારે. મેર૦

માનસીંહ— ૫૨

શું નશીબની વાત કહું મારે;
જોઇ એ ખતા તાપ વિતાપ.
બાળ ગુમાવ્યાં કામી થઇને,
નારી ફંદે રહ્યો હું ભરમઇને.
ગ્નાની હતો પણ થઇ ગયો દુરજન,
દુ:ખ એ બહુ દુ:ખ સાલેરે—જોઇ૦

મુકુંદ— ૫૩

લાવું છું હું શોધી (૨) શાને ભિતિ બાપુજી ધરો આ I.
રજપૂત ખરો હું ક્યારે જણાઉં, શોધું તે દેશો તમામ;
બંધુને બેનને શોધીજ લાવી, વધારૂં કૂળનું હું નામ. લાવું.

નવી— ૫૪

વિતિ મારી તમને જણાવું રે, કૃત્ય ન કરશો આવું રે;
એક ઉપર બીજી બેશીને નાંખે કુવા માંહ્ય:
ઘર કૂળ લક્ષ્મિ સરવે વંઠે, હડ હડ જગમાં થાય. વિતી૦

કસ્તુરચંદ— ૫૫

નવી કરે રમખાણુજ ઘરમાં બીજી ભાંગે નીત હાંડ;
કસ્તુરચંદ ભુલ્યો ભવ બગડયો કરતામાં બે રાંડ.

૫૬

જુની—ચાલો પ્રિય પ્રાણ,
કસ્તુરચંદ—આ'રે જાવું જાણ,
જુની—ખાશો ગોકાપાક,
કસ્તુરચદ—સલામરે મા બાપ.
જુની—કરો દાઢી મુચ્છ;
કસ્તુરચંદ—રહ્યું પુંઠે પૂંચ્છ.
કરૂં કેહ જેમ સલામ છે ગુલામ.
તું તો મારી પ્રાણ,
જુની—આવો કુરબાન,
બંની—બેટ્રી શામા શામ, ચ.લો આમ ચાલો આમ.

સ્ત્રીઓ— ૫૭

એનીઓ પૂજોરે, અંબા ભવાની રાણી ભોળાની.
ઉજવળ, જ્યોતિ બિરાજે, ઝુમ ઝુમ નેપૂરાં વાજે;
રંગ અંબિકાજી સંગ, ગંગ-શંકર ઉમંગ; રૂપ વિરાજેરે. અં
શક્તિની કિરપા ઘણી મોટી, જગત માંહિ ગણાય;
ભજન યજન શકિત વિના, ફોગટ જન અફળાય. ૩૫૦
શકિત નો પ્રતાપ પ્રૌઢ, અકળગતી શિવની ગૌઢ. ૩૫૦
આધ શકિત માહેશ્વરી, અકળ ન કળી શકાય;
જય જય, કાળી ભજનથી, નિશ્ચે ભાવ ઉતરાય. ૩૫૯

૫૮

સખી—ચાલો નરવર અમ સખી ઘર;

ચતૂર—તમે માફ કરો,

રંભા—બીજી વાત કરો, શાને ચિંતા ધરો, વિનંતિ ઉર ધરો.

ચતૂર—રોકાવાનું બને ના:

રંભા—ચાખો એક દી રે'વા.

ચતૂર—ઘડીતો થઇ ઘણી.

રંભા—સુર ચાલો ઘર ભણી

સખી-રંભા—કૃ-પા-ક-રો.

ચતૂર—લલીતા છે સરીતા તું મધુની,
પ્રેમી કેવી હા મીઠડી શોભે રૂડી!

સખી—શું નહીં માનો! પ્રિય શું ન આવો.

રંભા—વા'લા મુજ સમ શું તરશાવો,

સખી—મનમાં ભાવો મુડી હલાવો,
ડર છોડોને ઘરમાં આવો.

ચંદા— ૫૯

નહી જંપી બાળા હું લાચારી (૨)
નાવ્યું મમ મોત હાય! પ્રભુ ગઇ હારી;
મારી જનુની સિધાવી વ્હાલી તું સ્વર્ગે પધારી નહી.
સાવકી બનીને સાપણી ડંશી દીધો ડંશ;
વાપ્યું ઝેરજ અંગમાં ઘટે ન ઝેરી અંશ.

બાળકો રિબાવે ભુડી પાપણી થઇને કુડી,
દયા દિલે ન વિચારી. નહી૦
બાઇ બિચારો ક્યાં હશે રખડુ હું વંન વંન
દિન પ્રતિદિન તો દોહલા મળે ન ખાવા અંન;
પૂર્વ પાપ પુરાં નડયાં, દુખડાં અપાર સહ્યા.
હવે સહાય થા તું મોરારી નહી.

૬૦

છોકરા—વાહો શી વાણ વાહ! શી વાણ વાણીઆભાઇ તમારી—
લાગે ન સારી.
કસ્તુરચંદ—કહું ટે ટમારી!
છોકરા—વાણીઆ નહી તું સ્વાન.
કસ્તુરચંદ—અમે ઝટ કેદમાં પુરશું;
છોકરા—અમેતો દાવમાં રમશું.
યારો મારો ઓ ધપા ધપ. વાહો
અમારે વરીઆળી ખાવી;
કસ્તુરચંદ—ટારે નાખ પઇસા કાડી.
છોકરા—પૈસા લે આ સોટી ચડાચડ. વાહ!

૬૧

છોકરા—અલ્યા આવોરે આવોરે એનો લૂંટી માલ જાઓ.
કસ્તુરચંદ—શું ઉઠાવો? રાખ ખાવો નાસી જાઓ નહી ફાવો.
છોકરા—ચૂપરે ચૂપરે પોટલાને છોડીદે

કસ્તુરચંદ—બાપરે બાપરે સિપાઇરે! લૂંટીલે.

છોકરા—ઢોળશું ને ચોરશું ને લૂંટશું ને ખુચશું.

કસ્તુરચંદ—અરરરા અરરરર હે આ આપુ આપુછું.

છોકરા—હટહટ હડ ધૂત મારશું ત્રાડશું. અલ્યા.

સુર— ૬૨

કલિયુગ ઉર ધારી, કૃત્ય કીધા અનાડી,
સમરઅરિ ઠરીના, દુઃખની લાળ દા'ડી;
સરસ સમજ ભૂલી, ઊલટો પંથ લેતા,
દુખ દુખ દુખ દેખું, કષ્ટ અસંખ્ય સ્હેતા.

ચતૂર-ચંદ્રા— ૬૩

મળ્યા છે બેન બંધુ ઉમંગે અપાર;
આવાર, તમે જગધાર, વિજય વિજય સાર. ઉમંગે.
બધિ મટી દશા વિપતી, કર્યાં સુખી નટવર જયકાર. ઉમંગે.

કેશર— ૬૪

બુરા કામે બની દુખીઆરી, કર્યા ભુંડા કૃત્ય મેં ભારી.
અધિકારી નરક બનનારી, ગભરાય જીવ હાય!
મેં કર્યાં પાપના કર્મ, ધરી નહીં શર્મ, હું જારણી નારી. બુરા.
બાળક કોમળ સોકના, રાખ્યો તે પર ખાર,
કર્યા પ્રપંચ અતૂલ મેં કાડયા રાજની બ્હાર; ગભરાય.
પતીને દુખના થઇ ભારા, કર્યા કર્મ નીચ નઠારા.
ખોદયો ખાડો તેમાં પડી, પોતે આપો આપ;
એ સાવકી મા હું તમારી, છું અઘોર પાપ કરનારી.

૬૫

ચંદ્રા—પ્યારે મધુરી રંભા, ખેંચો હસીને નયણા.
રંભા— કઠા લાવો, રેલ જાવો !! નાની નણુદી ઠીક સતાવો !!
ચંદ્રા—ઓય નખરો, પ્રેમનો ઝરો, વાહ મટકો, રૂડો ચટકો!!

મચક મચક મસ સહિલ છબીલી.
ધીરી હાં હાં જન દેખે રસિલી.
કટિ બંક વંકી કરે છોડી સમર સરપૂર.
લપટાવા ભુજ પાશમાં અભિલાષા છે ઉર.
નેત્રથી ચેતાવે કેવી, લટકાથી લલચાવા જેવી.
પ્રેમીલી છબીલી ભાભી વાહ ! * * *

૬૬

રંભા—પધારો પધારો પધારો * *
ચંદ્રા—કયારની સંભારે ભાભી વાટ જોઇ આપની. પધારો.
રંભા—હું તો તમોથી હારી.
ચંદ્રા—વા ભાભી બલિહારી.
રંભા—મધુરી વાણી તમારી.
ચંદ્રા—ભાભી સુંદરી સારી, ભોળી ભામા હું મારી.
રંભા—તાલ બતાવી મારી, પ્યારા લો ઉરધારી.

રો'છો ભેગા મારી. કયારનો.

૬૭

ચંદ્રા—હારો ગજરા (૨) ગુંથ્યા છે ભાભી વધાવવા.

ફુલ મોગરા જાઇ ગુલાબ તણા,

ગુલ દાવદી જાઇ ચપો ન મણા
વધાવું ધરી મન હર્ષ ઘણા, હારો૦

૬૮

ચતૂર—બોલ છબીલી ના છે ઘણા પ્યારા !
રંભા—મીઠું બોલી ચિતડું ચોરનારા;
ચતૂર—પ્રેમી પ્રિયા નેત્ર પંકજ તારા !
રંભા—લાયક આપ મળ્યા પતિ મારા,
પ્રેમ હિંડોલમાં ઝુલવનારા,
ચતૂર—સંગે ઝુલુ વળી પ્યારી તમારા;
રંભા—પ્રેમ પ્રતિમા પ્રિતમ પ્યારા.
આશાપુરી મારી જગદા ધારા,
ચતૂર—ચતૂરી પ્રિયા.
રંભા—છો રસિયા. નેન ન મારો હસી હસી થોડી;
ચતૂર—પ્રેમ કટાક્ષ છે નૃત્યની ઘોડી.
રંભા—પ્રેમે ભીજાવો,
ચતૂર—તે લલચાવ્યો. બોલ૦

સ્ત્રીઓ— ૬૯

અંતર રૂડા અરગજાને પુષ્પો નો નવપાર,
પ્રેમ હિંડોલમાં હિંચતીરે, સરવે ગોરીઓ ગાયે ગીત;
લગન રૂડા આવીઆ !
લીલમ માણેક ચકચકે છે, મોતીનો ચળકાટ;
મતીવંત સ્વામી છે મળ્યા રે. છે ઉમંગ અંગ ખચીત. લ૦

કેસર— ૭૦

ભુલિ ભાન ભોળી કરો પિયુ નજર,
અતિ છાકિ ઇશ્ન• પ્રભુનો મન પર,
હું તો બની બાળકની અજગર. ભાન૦
મારતો અપાર પ્યાર નાર ભુલે ભરથાર;
દુખ દવ ન્યાળે સુખ નવ ભાળે; અતિ જીવ બાળે.
થાયે હાર—
મુરખ હાય ! હું તો હાય ! હું થી કષ્ટ પામ્યા રાય. ભુ૦

સર્વે— ૭૧

રહો પ્રભુની મેહેર સદાય સર્પ ઉપરે,
ચતૂર સત્ય જાળવ્યું તેં ઇશ્વરા ખરે.
સત્ય પામ્યું પ્રતે ને અસત્ય આ થડે;
જુઓ અરે બનાવ આ નરો બન્યો ખરે.
જન કરશે તેવું ભરશે, વળી વાવશે તેવું લણશે;
જુઓ આહા ! જે બનાવ, બન્યો નજરા નજરે
ધન ધન ચંદા સુજાણી, કીરતી જગમાં ગવાણી;
શાહ સદા છે શ્રી વર દાતા એ દુખો હરે.

સમાપ્ત.